પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :- જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક: વિશેષ શાખા/ એ સેકશન /ટીકીટોની કાળા બજારી અટકાવવા બાબત/ ૩૨ /૨૦૨૩ તા-30/03/૨૦૨૩

આગામી તા.૩૧/03/૨૦૨૩ થી તા.૧૫/૦૫/૨૦૨૩ ના રોજ અમદાવાદ શહેર ખાતે આઈ.પી.એલ (ઈન્ડીયન પ્રીમીયર લીગ) ક્રિકેટ ટુનામેન્ટની મેચો પૈકી કેટલીક મેચો નરેન્દ્ર મોદી સ્ટેડીયમ અમદાવાદ શહેર ખાતે પણ યોજાનાર છે.આ ટુનામેન્ટની ક્રિકેટ મેચો ટુંકી, અત્યંત રસપ્રદ, અને રોમાંચિત કરનાર હોવાથી તે ક્રિકેટ મેચો ને સ્ટેડીયમની અંદરથી જોવા તેમજ ક્રિકેટ સ્ટેડીયમમાં પ્રવેશ મેળવવા પ્રજાનો ખુબ જ ધસારો રહેતો હોય છે જેથી ક્રિકેટ સ્ટેડીયમમાં પ્રવેશ મેળવવા જરુરી યોગ્ય ટીકીટો માટે પ્રજાની તીવ્ર માંગ પ્રર્વતતી હોય છે, આ પ્રકારની પરિસ્થિતિ નો લાભ લેવા માટે કેટલાક અસામાજીક તત્વો દ્વારા ટીકીટોની કાળા બજારી કે વધુ ભાવ લેવાનો હેતુ પરીપુર્ણ ન થાય અને આમ પ્રજા છેતરાય ન તે માટે તેને કાયદાથી પ્રતિબંધિત કરવાની જરુરીયાત જણાય છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૧૪૪ તથા ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ, અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું:

તા.30/03/૨૦૨૩ ના કલાક ૨૦/૦૦ થી તા.૧૬/૦૫/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ સુધી સમગ્ર અમદાવાદ શહેરમાં આઈ.પી.એલ ક્રિકેટ મેચની કોઈ પણ વ્યકિત ટિકીટની વ્યાજબી સંખ્યા સિવાય વધુ પ્રમાણમાં સગ્રહ કે કાળા બજારી કરી શકશે નહી તેમજ નિયત કિંમત સિવાય વધુ દરથી ખરીદ કે વેચાણ કરી શકશે નહી આ હુકમનો અનાદર કરનાર વ્યકિત વિરુદ્ધ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## -:અપવાદ :-

ગુજરાત ક્રિકેટ એસોસીએશન દ્વારા નિયુક્ત કરવામાં આવેલ ટીકીટ વિક્રેતાઓ અને તેમના કાર્યાલય.

## -:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.30/03/૨૦૨૩ ના કલાક ૨૦/૦૦ થી તા.૧૬/૦૫/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ સુધી સુધી અમલમાં રહેશે.

## -: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ સને.-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -: જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ૩૩.૧ (એકસ) તથા ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦/૦૩/૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેક્ટર-૨ અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧, ક્રાઈમ બ્રાંચ, અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ રીજીયન અમદાવાદ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પોલીસ ઈન્સપેક્ટરશ્રી,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી **(C.P. Ahmedabad website )**ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)